પેજ 3

તમામ અફવાઓ અને ધમકીઓને નજરઅંદાજ કરી રવિવારે ચાહકોને મળ્યા અમિતાભ બચ્ચન, અભિષેક પણ જોડાયો

મુંબઈ, તા. 26: બોમ્બની ધમકી અને ડૉક્ટરોની સલાહ પણ અભિનેતા અમિતાભ બચ્ચનને તેમના ચાહકોથી દૂર રાખી શકી નહીં. કારણ કે, તેમણે મુંબઈ સ્થિત તેમના ઘર 'જલસા' ખાતે રવિવાર દર્શનનો ક્રમ ચાલુ રાખ્યો હતો. 84 વર્ષીય અભિનેતા, જેમણે ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે તેઓ સ્વસ્થ થવા માટે થોડો સમય આરામ લેશે, તે કડક સુરક્ષા વચ્ચે તેમના પુત્ર અભિષેક બચ્ચન સાથે 'જલસા'ના દરવાજા પર આવ્યા અને ચાહકો તરફ હાથ હલાવીને તેમનું અભિવાદન કર્યું. અમિતાભની દાયકાઓ જૂની આ પરંપરા મુંબઈમાં તેમના ચાહકો માટે એક વિશેષ આકર્ષણ બની ગઈ છે, જ્યાં અભિનેતા દર રવિવારે તેમને મળે છે. રવિવારે અભિષેક બચ્ચને તેમના પિતા અમિતાભ બચ્ચનનો સાથ આપ્યો હતો.

ભાજપના મંત્રીએ દલેર મહેંદીની માફી માંગી

મુંબઈ, તા. 26: ગાયક મિકા સિંહની ટીમે જણાવ્યું છે કે, ઉત્તરાખંડના મંત્રી સુબોધ ઉનિયાલે તેમના ભાઈ દલેર મહેંદીની માફી માંગી લીધી છે. કારણ કે, મંત્રીએ દલેર મહેંદી પર સ્ટેજ પર પર્ફોર્મ કરતી વખતે નશામાં હોવાનો દાવો કર્યો હતો. સ્ટેજ પર જ વરિષ્ઠ કલાકાર સામે મંત્રીની જાહેરમાં થયેલી ઠપકાભરી ટિપ્પણીથી મોટો વિવાદ સર્જાયો હતો, જેમાં અનેક અભિનેતાઓ, ગાયકો અને જાહેર હસ્તીઓએ આ વર્તનની સખત ટીકા કરી હતી. હવે, મિકાની ટીમે એક નિવેદન બહાર પાડીને ખુલાસો કર્યો છે કે, મંત્રીએ ફોન પર દલેર મહેંદીની માફી માંગી લીધી છે. તેમણે કલાકારો સન્માનને પાત્ર છે તેમ જણાવીને હવે સૌ કોઈ આ મામલો પાછળ છોડીને આગળ વધશે તેવી આશા વ્યક્ત કરી હતી. નિવેદનમાં મિકા સિંહની ટીમે દલેર મહેંદીની માફી માંગવા બદલ ભાજપના નેતાની પ્રશંસા કરી હતી.

કૃષ્ણા દાસના કીર્તનમાં પહોંચ્યા વિરાટ-અનુષ્કા

મુંબઈ, તા. 26: અભિનેત્રી અનુષ્કા શર્મા અને તેમના પતિ ક્રિકેટર વિરાટ કોહલીએ રવિવારે મુંબઈમાં ક્રિષ્ના દાસના કીર્તનમાં હાજરી આપી હતી. આ સાંજનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં અનુષ્કા વાઇબ્સને માણતી, કીર્તનમાં તાળીઓ પાડતી અને 'રાધે, રાધે' નારા લગાવતી નજરે પડે છે, જ્યારે વિરાટ શાંતિથી આ દિવ્ય અનુભવનો આનંદ માણી રહ્યો છે. આ પ્રસંગે અનુષ્કાએ ઘેરા ગુલાબી રંગનો પોશાક પહેર્યો હતો, જ્યારે વિરાટે તેનો દેખાવ કેઝ્યુઅલ રાખ્યો હતો અને સફેદ કાર્ગો પેન્ટ સાથે કાળી ટી-શર્ટ પહેરી હતી. તેમની આધ્યાત્મિક બાજુ સાથે જોડાયેલા જોઈને ચાહકોએ અનુષ્કા અને વિરાટનાં વખાણ કર્યાં હતાં.

ટાઇગર શ્રોફ નહીં, આમિર ખાન હતો શૂટર્સનું અસલી નિશાન

મુંબઈ, તા. 26: મુંબઈમાં અભિનેતા ટાઇગર શ્રોફની કાર પર થયેલા હુમલાની તપાસ કરી રહેલી પોલીસને મોટો પુરાવો મળ્યો છે. અહેવાલ મુજબ, પોલીસ સૂત્રોએ ખુલાસો કર્યો છે કે ૨૦ સપ્ટેમ્બરે હરિયાણાથી મુંબઈ આવેલા શૂટર્સનું અસલી નિશાન આમિર ખાન હતો. લૉરેન્સ ગેંગના ઇશારે મુંબઈ પહોંચેલા શૂટર્સ દ્વારા આ આમિર ખાનના ઘરની ત્રણ વાર રેકી કરવામાં આવી હતી, પરંતુ શૂટિંગ અને સુરક્ષાના કારણે શૂટર્સ માટે આમિર સુધી પહોંચવું મુશ્કેલ બન્યું હતું. ત્યાર બાદ શૂટર્સે સરળતાથી મળી જતા ટાઇગર શ્રોફને પોતાનું નિશાન બનાવી લીધો. ટાઇગર અવારનવાર જુહુના પાર્કમાં ફૂટબોલ રમવા આવતો હતો. લૉરેન્સ ગેંગ દ્વારા જુલાઈમાં સોશિયલ મીડિયા પોસ્ટ અને ઓડિયો ક્લિપના માધ્યમથી આમિર ખાનને ધમકી આપવામાં આવી હતી. ધમકીમાં આમિર અને ગૌરી સ્પ્રેનાં લગ્નને સનાતન ધર્મ વિરુદ્ધ ગણવામાં આવ્યાં હતાં અને જલ્દી સબક શીખવવાની વાત કહેવામાં આવી હતી.

ટાઇગર શ્રોફ ફાયરિંગ ઘટના બાદ સેલેબ્સની દિવાળી પાર્ટીઓમાં સુરક્ષા વધી

મુંબઈ, તા. 26: બોલિવૂડ સેલિબ્રિટીઝ અને તેમની દિવાળી પાર્ટીઓની ચાહકો દર વર્ષે આતુરતાથી રાહ જોતા હોય છે. કલાકારો કઈ પાર્ટીઓમાં હાજરી આપી રહ્યા છે, ઉજવણી કોણ અને ક્યારે આયોજિત કરી રહી છે તેની દરેક વિગત સૌનું ધ્યાન ખેંચે છે. જોકે, અભિનેતા ટાઇગર શ્રોફ સાથે જોડાયેલી તાજેતરની ફાયરિંગની ઘટનાને કારણે સુરક્ષાને લઈને ઊભી થયેલી વધેલી ચિંતાઓ વચ્ચે આ દિવાળી પાર્ટીઓ યોજાઈ રહી છે. અહેવાલ મુજબ, શુક્રવારે અભિનેતા આયુષ્માન ખુરાના અને તેમની પત્ની તાહિરા કશ્યપના મુંબઈ સ્થિત ઘરે યોજાયેલી દિવાળી પાર્ટીને કવર કરવા માટે પેપારાઝીઓને આમંત્રિત કરવામાં આવ્યા ન હતા. ફિલ્મમેકર કરણ જોહર, અભિનેત્રી સારા અલી ખાન, ટ્વિન્કલ ખન્ના અને નિર્માતા ભૂષણ કુમાર સહિત સેલિબ્રિટીઝ આ પાર્ટીમાં સામેલ થયા હતા.

'રામાયણ'નું ગીત રિલીઝ થતાં જ વિવાદમાં: 'કવ્વાલી' પર એ.આર. રહેમાન ટ્રોલ

મુંબઈ, તા. 26: નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'નું નવું ગીત 'મંગલ રંગ'રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગયું છે. જોકે, આ વખતે ગીતને લઈને થઈ રહેલી ચર્ચાનું કારણ તેની ધૂન કે ગાયકોનો અવાજ નથી, પરંતુ તેની મ્યુઝિક સ્ટાઇલ છે. ભગવાન રામ અને માતા સીતાના વિવાહ સમારોહને દર્શાવતા આ ગીતમાં કથિત કવ્વાલી અને સુફી સંગીતના પ્રભાવને લઈને કેટલાક સોશિયલ મીડિયા યૂઝર્સે સવાલો ઉઠાવ્યા છે. આ કારણોસર સંગીતકાર એ.આર. રહેમાને પણ ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક લોકોનું કહેવું છે કે, ગીતનું સંગીત રામાયણ જેવા પૌરાણિક મહાકાવ્યની પૃષ્ઠભૂમિને અનુરૂપ નથી લાગતું, જ્યારે ઘણા યૂઝર્સે તેની તુલના રહેમાનના જૂના ગીતો સાથે કરી છે. રણબીર કપૂર અને સાઈ પલ્લવીની મુખ્ય ભૂમિકાઓવાળી આ ફિલ્મના ગીતને લઈને શરૂ થયેલી ચર્ચા હવે સંગીતની શૈલી અને ધાર્મિક કથાઓ પર બનતી ફિલ્મોની પ્રસ્તુતિ સુધી પહોંચી ગઈ છે.

સારા અલી ખાને કેદારનાથનાં દર્શન કર્યાં

રુદ્રપ્રયાગ(ઉત્તરાખંડ), તા.26: બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાને ચૂપચાપ રીતે કેદારનાથનાં દર્શન કર્યાં છે. તે રવિવારે હેલિકોપ્ટર દ્વારા કેદારધામ પહોંચી હતી. તેના પહોંચ્યા બાદ ધામમાં બરફવર્ષા પણ થઈ હતી. ઠંડીને કારણે સારા લોકો વચ્ચે ઠૂંઠવાતી નજરે પડી હતી. આ દરમિયાન તેણે મંદિરના કર્મચારીઓ અને અધિકારીઓથી અંતર જાળવી રાખ્યું હતું. સારા લગભગ અડધો કલાક સુધી લાઇનમાં ઊભી રહી હતી. આ દરમિયાન ત્યાં હાજર લોકો તેને ઓળખી શક્યા નહોતા. સારાને ઠૂંઠવાતી જોઈને ત્યાં ઊભેલી મહિલાઓએ તેને શાલ આપવાની ઓફર કરી હતી, પરંતુ તેઓ તેને ઓળખી શક્યા નહોતા. શ્રી બદરીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (બીકેટીસી)એ આ વર્ષે બિન-સનાતનીઓના મંદિરમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની વાત કરી હતી. સમિતિએ ત્યારે કહ્યું હતું કે, કેદારનાથમાં પ્રવેશ માટે સારા અલી ખાને પહેલાં એફિડેવિટ આપીને જણાવવું પડશે કે તેમની સનાતન ધર્મમાં આસ્થા છે.

» ચીનના પૂર્વ આ ન્હુઈ પ્રાંતના વૂહૂમાં યાંગ્ત્સે નદીના કિનારે 800kV અલ્ટ્રા-હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરન્ટ ટ્રાન્સમિશન પ્રોજેક્ટના નિર્માણ સ્થળે પાવર ટેકનિશિયનો કામ કરી રહ્યા છે તે આ ડ્રોન ફોટોમાં જોવા મળે છે. સોમવારે આન્હુઈ પ્રાંતના વૂહૂ શહેરમાં આ 800kV UHVDC ટ્રાન્સમિશન પ્રોજેક્ટનું યાંગ્ત્સે નદી પરનું લાર્જ-સ્પાન સ્ટ્રિંગિંગ બાંધકામ પૂર્ણ થયું. આ પ્રોજેક્ટની કુલ લંબાઈ ઉત્તર-પશ્ચિમ ચીનના ગાન્સુ પ્રાંતથી પૂર્વ ચીનના ઝેજિયાંગ પ્રાંત સુધીની 2,370 કિલોમીટર છે. એકવાર શરૂ થયા પછી, તે દર વર્ષે ઝેજિયાંગ પ્રાંતમાં 36 અબજ kWh કરતાં વધુ વીજળી ટ્રાન્સમિટ કરી શકશે.

લુલા દા સિલ્વા બ્રાઝિલના રાષ્ટ્રપતિ તરીકે પુનઃ ચૂંટાયા

100 ટકા મત ગણતરી બાદ 81 વર્ષીય લુલાને 51.8 ટકા મત મળ્યા, ચોથી વખત પદ સંભાળશે

ટ્રમ્પના સમર્થક ફ્લેવિયો બોલ્સોનારોએ હાર સ્વીકારવાનો ઇનકાર કરી ચૂંટણી રદ કરવા માગ કરી

રિયો ડી જેનેરો, તા. 26 (એપી): બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા રવિવારે યોજાયેલી ચૂંટણીમાં વિજયી બનીને ફરી એકવાર દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે. બ્રાઝિલની સર્વોચ્ચ ચૂંટણી અદાલતે 100 ટકા મત ગણતરી બાદ સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું હતું કે, લુલાએ તેમના હરીફ ફ્લેવિયો બોલ્સોનારો સામે આશરે 44 લાખ મતોની સરસાઈ મેળવીને કુલ મતોના 51.8 ટકા મેળવ્યા છે.

ટ્રમ્પના સાથી ગણાતા જમણેરી વિચારસરણી ધરાવતા ફ્લેવિયો બોલ્સોનારોને હરાવીને લુલાએ વિજય મેળવ્યો છે. 2.6 ટ્રિલિયન યુએસ ડોલરની જીડીપી ધરાવતી લેટિન અમેરિકાની આ સૌથી મોટી અર્થવ્યવસ્થા હવે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા વધારાના ટેરિફ અને દબાણ સામે ઝૂકવાને બદલે સ્વાયત્ત નીતિઓ પર આગળ વધશે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નીતિ-નિયમોના પ્રખર ટીકાકાર ગણાતા લુલાના આ વિજયથી દક્ષિણ અમેરિકામાં વ્યાપક બની રહેલા અમેરિકી પ્રભાવની ટીકા કરી રહેલા દેશો અને નેતાઓએ ભારે રાહતનો શ્વાસ લીધો છે. બીજી તરફ, પરિણામો જાહેર થતાં જ ફ્લેવિયો બોલ્સોનારોએ પોતાની હાર સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે અને ચૂંટણી રદ કરવાની માગ કરી છે.

આજની ચૂંટણીમાં નેતાન્યાહુને જ મત આપવા ટ્રમ્પની ઇઝરાયેલીઓને અપીલ

અમેરિકી પ્રમુખે ઇઝરાયેલના મતદારોને કહ્યું કે નેતાન્યાહુને જ ફરીથી સત્તા પર લાવો જેથી અમે ઇરાનમાં કામ પુરું કરી શકીએ

વૉશિંગ્ટન, તા. ૨૬: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયેલમાં મંગળવારે યોજાનારી મહત્વપૂર્ણ ચૂંટણીઓ પહેલા બેન્જામિન નેતન્યાહુ પ્રત્યેના પોતાના સમર્થનને વધુ મજબૂત બનાવ્યું છે.

ગયા અઠવાડિયે નેતન્યાહુને આપેલા પોતાના સમર્થનને ફરીથી રજૂ કરતા, ટ્રમ્પે ઇઝરાયેલી નાગરિકોને હાલના વડાપ્રધાનને વોટ આપવા વિનંતી કરી જેથી કરીને આ જોડી ઈરાનમાં 'કામ પૂરું કરી શકે'. પોતાની સોશિયલ મીડિયા પોસ્ટીંગમાં ટ્રમ્પે ઉમેર્યું: "જ્યારે તમે મતદાન કરવા જાઓ ત્યારે કૃપા કરીને યાદ રાખજો કે બીબી(નેતન્યાહુ) એક ઉત્કૃષ્ટ લડાયક વડાપ્રધાન રહ્યા છે!" તેમણે કહ્યું: "કેટલાક ખૂબ જ દુષ્ટ લોકો દ્વારા ઇઝરાયેલને 'નાનો શેતાન' અને યુનાઇટેડ સ્ટેટ્સને 'મોટો શેતાન' કહેવામાં આવતું હતું. હવે દુનિયાભરમાં 'અમેરિકાનું મોત, ઇઝરાયેલનું મોત' જેવા નારા સાંભળવા મળશે નહીં, અને એ ક્યારેય નહીં થાય."

સર્બિયામાં વિદ્યાર્થી સંગઠનોએ ચૂંટણી જીતી

પુતિન સમર્થક પીએમ પદના ઉમેદવાર વુચિચ હાર્યા

બેલગ્રેડ, તા. 26: સર્બિયામાં વિદ્યાર્થી સંગઠનોના ગઠબંધન 'સ્ટુડન્ટ લિસ્ટ'એ ચૂંટણીમાં શાનદાર વિજય મેળવ્યો છે. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના નજીકના સાથી અને દેશના પૂર્વ રાષ્ટ્રપતિ અલેક્ઝેન્ડર વુચિચની પાર્ટીને આ ચૂંટણીમાં મોટો પરાજય સહન કરવો પડ્યો છે. અલેક્ઝેન્ડર વુચિચ આ ચૂંટણીમાં વડા પ્રધાન પદના ઉમેદવાર તરીકે મેદાનમાં હતા. તેમણે અગાઉ સપ્ટેમ્બર મહિનામાં જ રાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપી દીધું હતું.

આ ચૂંટણી પરિણામોને સર્બિયાની રાજનીતિમાં એક મોટો બદલાવ માનવામાં આવી રહ્યો છે.

2024માં નોવી સાદ શહેરમાં રેલવે સ્ટેશનની છત તૂટી પડવાથી 16 લોકોનાં મોત થયાં બાદ ભ્રષ્ટાચાર અને વધતી જતી સરમુખત્યારશાહી સામે લગભગ બે વર્ષથી ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને કારણે સપ્ટેમ્બરમાં વહેલી ચૂંટણીઓ યોજવાની જાહેરાત કરાઈ હતી.

આ વિદ્યાર્થી સંગઠનોએ સંગઠિત થઈને રાજકીય પરિવર્તન માટે અવાજ ઉઠાવ્યો હતો, જેનું પરિણામ હવે ચૂંટણીની જીત તરીકે સામે આવ્યું છે. વુચિચની હાર બાદ બેલગ્રેડ સહિતના મુખ્ય શહેરોમાં હજારોની સંખ્યામાં લોકો રસ્તાઓ પર ઊતરી આવ્યા હતા અને ફટાકડા ફોડીને તથા નારેબાજી કરીને આ જીતની ભવ્ય ઉજવણી કરી હતી.

લગભગ 60 લાખની વસ્તી ધરાવતા આ દેશમાં વિદ્યાર્થીઓની આ જીત એક ઊંડો રાજકીય બદલાવ દર્શાવે છે અને તે એપ્રિલમાં હંગેરીના વિક્ટર ઓર્બાનની થયેલી હારની યાદ અપાવે છે.

એઆઇ જાયન્ટ કંપની એન્થ્રોપિક આઇપીઓ લાવવાની તૈયારીમાં

આ આઇપીઓ અત્યાર સુધીનો સૌથી મોટો આઇપીઓ બની રહે તેવી શક્યતા

ઓફરિંગ પ્રાઇઝ હજી અનિશ્ચિત છે પરંતુ આ આઇપીઓ સ્પેસએક્સના આઇપીઓને પણ પાછળ મૂકી દે તેવી ધારણા

સાન ફ્રાન્સિસ્કો, તા. ૨૬(એપી): આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) ક્ષેત્રની દિગ્ગજ કંપની એન્થ્રોપિકે સોમવારે અત્યાર સુધીના સૌથી મોટા ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) માટેના દસ્તાવેજો રજૂ કર્યા છે, જો કે તેના ટોચના અધિકારીએ ચેતવણી આપી છે કે અદ્યતન AI માનવતા માટે અસ્તિત્વનું જોખમ ઊભું કરી શકે છે.

આ ફાઇલિંગને કારણે સાન ફ્રાન્સિસ્કો સ્થિત આ કંપની આવતા મહિને વોલ સ્ટ્રીટ પર ડેબ્યૂ કરવા જઈ રહી છે, જે સંભવિતપણે જૂનમાં થયેલા સ્પેસએક્સના IPOને પાછળ છોડી દેશે, જેણે વિક્રમજનક ૮૬ અબજ ડોલર એકત્ર કર્યા હતા. એન્થ્રોપિકનો IPO, પ્રાઇમરી AI લેબ્સની આ રેસમાં ઓપનએઆઈ કરતા પણ પહેલા પબ્લિક થવામાં આગળ કરી દેશે.

આ ફાઇલિંગ, તેના CEO ડારિયો અમોડેઈ દ્વારા સૌથી અદ્યતન AI મોડેલ્સના વિકાસને ધીમો કરવા અંગેના એક નિબંધના થોડા અઠવાડિયા પછી આવી છે. IPO એન્થ્રોપિકને તેના વિસ્તરણને વેગ આપવા માટે પુષ્કળ સંસાધનો પૂરા પાડી શકે છે. કંપની અંતે કેટલી રકમ એકત્ર કરશે તે અનિશ્ચિત છે, તેમજ તેનું ફાઇનલ વેલ્યુએશન અને ઓફરિંગ પ્રાઇસ પણ અનિશ્ચિત છે, પરંતુ ઓછા અંદાજો પર પણ, આ પાંચ વર્ષ જૂની સ્ટાર્ટઅપને દુઃનિયાની સૌથી મૂલ્યવાન કંપનીઓમાંની એક બનાવી દેશે અને સંભવિતપણે અમોડેઈ તથા તેમની બહેન અને સહ-સ્થાપક ડાડેલાની સંપત્તિમાં અબજો ડોલરનો વધારો કરશે.

SIRની પ્રક્રિયા સર્વસંમતિથી શરૂ કરાઈ હતી: ECએ ચૂંટણી પંચને કહ્યું

ચૂંટણી પંચના નિર્ણયોને પડકારતી અરજીઓના જવાબમાં પંચે સુપ્રીમ કોર્ટમાં કાઉન્ટર એફિડેવિટ કરી

એસઆઇઆરની પ્રક્રિયા બંધારણ હેઠળ મળેલ સત્તાની રૂએ શરૂ કરાઇ હોવાનું જણાવ્યું

ફોર્મ-૬માં ફેરફારો કરાયા હોવાના આરોપો પણ નકાર્યા

નવી દિલ્હી, તા. 26(PTI): સોમવારે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં મતદાર યાદીના 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવીઝન'(SIR)ના પોતાના નિર્ણયનો બચાવ કરતા જણાવ્યું કે આ પ્રક્રિયા કાયદાનુસાર હાથ ધરવામાં આવી હતી અને તેને લાગુ કરવાના ત્રણેય આદેશોને પંચના ત્રણેય સભ્યોએ સર્વસંમતિથી મંજૂર કર્યા હતા. અને અરજીઓમાંના એવા આક્ષેપો ફગાવ્યા હતા કે ફોર્મ-૬માં ફેરફારો કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટમાં એવી અરજીઓ થઇ હતી કે ચૂંટણી પંચે ઘણા નિર્ણયો સીઇસી સિવાયના અન્ય બે કમિશનરોની મંજૂરી વિના પસાર કર્યા હતા. ચૂંટણી પંચ(EC) એ આરોપોના જવાબમાં જણાવ્યું કે કાયદો અને મતદાર નોંધણી માટેનું નિર્ધારિત 'ફોર્મ 6' બદલવામાં આવ્યું નથી. અરજીઓમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ચૂંટણી પંચે "ફોર્મ 6માં ફેરફાર" સહિતના અનેક નિર્ણયો બે ચૂંટણી કમિશનરોની મંજૂરી વિના લીધા હતા. પંચે જણાવ્યું કે સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરાયેલી તેની કાઉન્ટર-એફિડેવિટ મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) ગ્યાનેશ કુમાર અને બે ચૂંટણી કમિશનરો દ્વારા સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યું છે.

વિશ્વના સૌથી મોટા ડેમ પ્રોજેક્ટ સામે ખતરાની ઘંટી

બ્રહ્મપુત્રા નદીમાં રેકોર્ડ પૂરનું જોખમ: ખુદ ચીની સંશોધકોની ચેતવણી

બૈજિંગ, તા. ૨૬(PTI): ચીની સંશોધકોએ ચેતવણી આપી છે કે તિબેટમાં બ્રહ્મપુત્રા નદી, જ્યાં ચીન અંદાજે ૧૬૮ અબજ ડોલરના ખર્ચે વિશ્વનો સૌથી મોટો ડેમ બાંધી રહ્યું છે, તેમાં આ સદી દરમિયાન પાણીના પ્રવાહમાં વધારો અને પૂરનું જોખમ વધી શકે છે. ચાઈનીઝ એકેડેમી ઓફ સાયન્સિસ અને યુનાન યુનિવર્સિટીના સંશોધકોએ ૧૩૨૫થી ૨૦૨૦ સુધીના નદીના પ્રવાહના ઈતિહાસનું રિકન્સ્ટ્રક્શન કરવા માટે દક્ષિણપૂર્વીય તિબેટિયન પઠાર પરની ટ્રી-રિંગ વીડ્થ ક્રોનોલોજીઓનો ઉપયોગ કર્યો હતો.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,29,880/-
18 KT 1,06,220/- 14 KT 82,570/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

મિલકતના ટાઇટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **સુરત** ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ તાલુકો:-**કતારગામ(સુરત સીટી)ના** મોજે **ગામ:-કતારગામ**ના **રેવેન્યુ સર્વે નં.૩૭/૩/અ. જેને લાગુ ટી.પી. સ્કીમ નં.૩૫(કતારગામ), ફાયનલ પ્લોટ નં.૨૯** થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં આયોજીત **"મધુવન સોસાયટી"**ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં : એ/પર** વાળી મિલ્કતની હાલની માલિકી **વિપુલભાઈ લાલજીભાઈ ઘેલાણી**ની ચાલી આવેલ છે. સદરહુ મિલ્કતના માલિક પાસેથી અગાઉના **અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૩૦૯ તા.૨૪-૦૩-૨૦૦૫(જુનો નં.૯૪૩૭ તા.૧૦-૧૨-૨૦૦૪)ની ફક્ત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી અમો કનેથી સદરહુ મિલ્કતનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલ્કત બાબતે કોઇને કોઇપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઇ કોલ-કરાર, દરદાવો, હક્ક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઈપણ પ્રકારનું હક્ક-હીત- હિસ્સો કે તર-તકરાર અથવા કોઇ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન-૭**માં લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઇના કોઇપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો સદરહુ જમીન-મિલ્કતનું અમો એડવોકેટસ ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને સદરહુ જમીન-મિલ્કત અમારા અસીલ બેંક ઇકવીટેબલ મોર્ગેજ(ગીરોમાં)લેશે અને પાછળથી કોઇના કોઇપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ મિલ્કત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી. **તા.૨૭-૧૦-૨૦૨૬**

ઓફીસ નંબર: ૪૦૧૩,સેન્ટ્રલ બાઝાર, વરાછા પોલિસ સ્ટેશનની સામે,વરાછા,સુરત
મો.: ૯૮૨૪૭-૨૧૦૦૨
સુજીત બી.રામોલીયા
એડવોકેટ એન્ડ નોટરી

ઋણ વસૂલી અધિકારી–II
ભારત સરકાર (નાણાં મંત્રાલય)
ચોથો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ નજીક, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૬.
ટેલી.નં.૦૭૯–૨૬૫૭૯૩૪૩, ફેક્ષ : ૦૭૯–૨૬૫૭૯૩૪૧
ફોર્મ નં. ૧૪ [જુઓ નિયમન ૩૩(૨)]

આર.પી/આર.સી. નં. ૪૨/૨૦૨૫	ઓ.એ. નં. ૧૨૪/૨૦૨૦
બેંક ઓફ ઈન્ડિયા,	પ્રમાણપત્ર ધારક બેંક
વિરુધ્ધ	
શ્રી રમેશભાઈ કે.બોરડ અને અન્ય	પ્રમાણીત દેવાદાર

માંગણા નોટીસ

પ્રતિ,
પ્રમાણીત દેવાદાર નં. ૧ : શ્રી રમેશભાઈ કે. બોરડ, (દેવાદાર કમ ગીરવેદાર) ૧૬૦, શમા સોસાયટી, ધરમ નગર, એ.કે.રોડ, સુરત–૩૯૫૦૦૬.
પ્રમાણીત દેવાદાર નં. ૨ : શ્રી મુકેશભાઈ કે બોરડ, (સહ–દેવાદાર)૧૬૦, શમા સોસાયટી, ધરમ નગર, એ.કે.રોડ, સુરત–૩૯૫૦૦૬.
પ્રમાણીત દેવાદાર નં. ૩ : શ્રી જીગ્નેશભાઈ કે. બારવલીયા, (જામીનદાર) ડિ–૩૦૨, શ્રીપદ એવન્યુ, દેવીદર્શન સોસાયટી પાછળ, પુણાગામ, સુરત–૩૯૫૦૧૦.

માનનીય પ્રિસાઈડીંગ ઓફિસર, ડેબ્ટ્સ રિકવરી ટ્રીબ્યુનલ–II અમદાવાદ દ્વારા પસાર કરાયેલ **ઓ.એ.નં.૧૨૪/૨૦૨૦** માં જારી કરાયેલ રિકવરી સર્ટિફિકેટને ધ્યાનમાં રાખીને **રૂા.૨૬,૦૮,૯૫૩.૭૫/– (અંકે રૂપિયા છવ્વીસ લાખ આઠ હજાર નવસો ત્રેપ્પન અને પંચોત્તેર પૈસા પુરા)** ની રકમ તા.૩૧.૦૧.૨૦૨૦ ના રોજ ના અને **તા.૦૧.૦૨.૨૦૨૦** ના રોજથી વધારાના વ્યાજ વત્તા ખર્ચના **રૂા.૫૪,૦૦૦/–** સહિત તમારી સામે બાકી છે. (જો, કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરવામાં આવશે.)

અહીં તમને જણાવવમાં આવે છે કે ઉપરોક્ત રકમ નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ભરપાઈ કરી દેવી તેમ કરવામાં કસૂર થયે નિયમ પ્રમાણે વસુલાત કરવામાં આવશે.

વધારામાં તમારે ઉપર દર્શાવેલ રકમ ઉપરાંત નીચે પ્રમાણે રકમ ચુકવવી પડશે.
(a) વસુલાત સર્ટીફીકેટમાં દર્શાવેલ શરત મુજબના ચુકવવા પાત્ર ખર્ચ અને વ્યાજ
(b) બાકી રકમની વસુલાત માટે થતા તમામ કોસ્ટ ,ચાર્જીસ અને ખર્ચાઓ જેવા કે નોટીસ અંગેની કાર્યવાહી અને અન્ય આગળની કાર્યવાહીના.

મારી સહી અને પંચના સિક્કા સાથે આપવામાં આવ્યું ૩૧/૦૮/૨૦૨૬

હવે પછી ની,
તારીખ : ૦૫/૧૨/૨૦૨૬
(સિક્કો)
(રાજેશકુમાર શર્મા)
વસુલી અધિકારી–II
ઋણ વસૂલી અધિકરણ–II, અમદાવાદ

શહેર સુરતના અઠવાલાઇન્સ વિસ્તારમાં આવેલ "ધી સર્જન કો.ઓ.હા.સોસાયટી લિ."માં આવેલ પ્લોટ / બંગલા નં.૧૮ વાળી મિલકતની વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ તથા જાહેર ચેતવણી

આથી લાગતાં વળગતાં તમામને આ જાહેર જવાબ તથા જાહેર ચેતવણી થકી જાહેર કરી જણાવવાનું કે,

તા.૧૯/૧૦/૨૦૨૬ ના ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ દૈનિકમાં એડવોકેટશ્રી ઝીણાભાઈ જી.પટેલનાએ ખરીદનાર મનહરભાઈ મુળજીભાઈ કાકડીયાના વકીલ તરીકે સુરત ડિસ્ટ્રીક્ટ, સબ-ડિસ્ટ્રીક્ટ સુરત, શહેર સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલ રે.સ.નં.૬૧/૧ પૈકી, ૬૪, ૬૫, ૭૨, ૭૩ પૈકી, જેનો ટી.પી.સ્કીમ નં.૪ (ઉમરા-સાઉથ), ફાયનલ પ્લોટ નં. ૨૩ થી ૨૬, ૩૫, ૩૭, ૪૩ તથા ૪૪ માં આવેલ **"ધી સર્જન કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી."** માં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં./**બંગલા નં.૧૮** વાળી મિલકત અંગે જે વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ છે તે તદન ખોટી અને ગેરકાયદેસરની છે તથા અશુધ્ધ ઈરાદાપૂર્વકની અને લોકોને ગેરમાર્ગે દોરનારી છે. સદરહું મિલકતના માલિક અમિતાબેન મનહરલાલ જરીવાલા ચાલી આવેલ હોવા બાબતની હમારા અસીલોની તકરાર ચાલી આવેલ છે. સદરહું મિલકતના મુળ માલિક હમારા અસીલોના માતૃશ્રી જમનાબેન આત્મારામ ચાલી આવેલા અને તેમના ગુજરી ગયા બાદ મર્હુમના કાયદેસરના સીધીલીટીના વારસદારો તરીકે સદર મિલકતના માલિકો તરીકે નીચે સહી કરનારાઓ તથા મનહરલાલ આત્મારામ જરીવાલાનાઓ ચાલી આવેલા. ત્યારબાદ સદરહું મિલકતના સહ-વારસદાર માલિક મનહરલાલ આત્મારામ જરીવાલાના મેળાપીપણામાં સદરહું મિલકત અમિતાબેન મનહરલાલ જરીવાલા નામે તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ વેચાણ દસ્તાવેજ નં.૧૬૩૧ થી તબદીલ કરેલાનું હમારા અસીલોની જાણમાં આવેલ તેમજ મર્હુમ આત્મારામભાઈ વિઠ્ઠલદાસ જરીવાલા એકલા સદર મિલકતનાં માલિક ન હોવા છતાં તેમજ તેમની જૈફ ઉંમરનો ફાયદો ઉઠાવી ડરાવી, ધમકાવીને અમિતાબેન મનહરલાલ જરીવાલાના નામે સદરહું મિલકત કરાવી લીધેલાનું જાણમાં આવતા અને તે અંગેની હમારા અસીલોને જાણ થતા તે અંગે તપાસ કરતા તેના વેચાણ અવેજના નાણાં પણ મર્હુમ આત્મારામ વિઠ્ઠલદાસ જરીવાલાને ચુકવી આપેલા નથી. જેથી અમિતાબેન મનહરલાલ જરીવાલાએ જે દસ્તાવેજ કરાવેલ છે તે તદન ખોટો, ગેરકાયદેસરનો અને નલ એન્ડ વોઈડ છે. જેથી અમિતાબેન મનહરલાલ જરીવાલા સદરહું મિલકતના કાયદેસરના કોઈ માલિક ચાલી આવેલ નથી અને તે અંગે હમારા અસીલોએ જુદા જુદા સરકારી દફતરોમાં તથા સોસાયટી દફતરે પણ તે અંગેની જાણ લેખિતમાં કરેલ છે. આમ સદરહું મિલકત અંગેના ટાઈટલો ચોખ્ખા અને માર્કેટેબલ નથી અને સદરહું મિલકતમાં હમારા અસીલોનું સંપુર્ણ હિત ચાલી આવેલ હોવા છતાં મિલકત ખરીદનાર તરીકે મનહરભાઈ મુળજીભાઈ કાકડીયા તરફે જે વેચાણ અંગેની નોટીસ આપેલ છે તે ફક્ત હમારા અસીલોના હક્કો ડુબાડવા માટે જ આપવામાં આવેલ છે. આમ સદરહું મિલકત કોઈપણ વ્યક્તિઓએ ખરીદ કરવી નહી કે અન્ય કોઈ કાર્યવાહી કરવી-કરાવવી નહી અને તેમ છતાં તમારા અસીલ મનહરભાઈ મુળજીભાઈ કાકડીયા મજકુર અમિતાબેન મનહરલાલ જરીવાલા કનેથી સદરહું મિલકત હમારા અસીલોની જાણ બહાર ખરીદ કરશે તો તેમને તકરાર સિવાય કશુ પ્રાપ્ત થશે નહી અને તમારા અસીલે ફોજદારી તથા કોર્ટ પ્રકરણોમાં સંડોવાવુ પડશે. જેની નોંધ લેવી. આ જાહેર જવાબ તથા જાહેર ચેતવણી આપવા છતાં તેવી કોઈ કાર્યવાહીઓ કરવામાં આવશે તો તેની સંપુર્ણ જવાબદારી તમારા અસીલની રહેશે. જેની નોંધ લેવી.

મારી મારફત : હમારી સુચનાથી
અશોકકુમાર સી.રાણા
એડવોકેટ એન્ડ નોટરી
મો.૯૮૨૫૧૭૮૩૩૭
ઠેકાણું : ઓફીસ નં.૨૦૪, "દ્વારકેશ" ગીતા એપાર્ટમેન્ટની પાસે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.

Ministry of Home Affairs
Government of India
ભારતને નક્સલમુક્ત બનાવવામાં યોગદાન આપનારા વીર જવાનો માટે એક સંદેશ લખો અને તેને ઓનલાઇન શેર કરો
આંતરિક સુરક્ષા દળોનું સન્માન
રાષ્ટ્રીય એકતા દિવસ
31 ઓક્ટોબર, 2026
એકતા નગર, ગુજરાત
એક જ જગ્યાએ જુઓ, એકતાના અનેક રંગો
ભારત પર્વ
1થી 15 નવેમ્બર, 2026
એકતા નગર, ગુજરાત
Rashtriya Ekta Diwas
31st OCTOBER, 2026
માહિતી અને રોકાણ માટે બુકિંગ કરવા માટે સ્કેન કરો
અથવા મુલાકાત લો rashtriyaektadiwas.com

શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

CBC 19101/13/0020/2627